# માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના

## શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેની સુચનાઓ

1. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અન્વયે જે વિદ્યાર્થીઓને ત્રીજા વર્ષની શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે એ વિદ્યાર્થીઓએ ચોથા વર્ષની શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટે ઓનલાઈન અરજી કરવાની રહે છે.
2. માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અન્વયે વિદ્યાર્થીઓએ અગાઉ જે પ્રમાણે ઓનલાઈન અરજી કરી હતી તે જ વેબપોર્ટલ પર શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે.
3. આ માટે વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષે આપવામાં આવેલ **User-ID** (HSC Seat No) અને **Password** નો ઉપયોગ કરી લોગઈન થવાનું રહેશે. જે વિદ્યાર્થીઓને **Password** યાદ ન હોય તેવા કિસ્સામાં **Forgot Password** ની મદદથી રજીસ્ટર્ડ મોબાઈલ પર નવો Password મેળવી શકાશે.
4. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવી એક સેટ જમા કરાવવાનો રહેશે.
5. ‘મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના’ અન્વયે નિયુકત કરવામાં આવેલ તમામ ૯૧ હેલ્પ સેન્ટરોને માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અન્વયેની ચોથા વર્ષની રીન્યુઅલ શિષ્યવૃત્તિની અરજીઓની ચકાસણી સંબંધિત તમામ કામગીરી માટે પણ નિયુકત કરવામાં આવેલ છે.
6. શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી તથા ત્રીજા વર્ષ દરમિયાન ૭૫ % કે તેથી વધુ હાજરી આપેલ છે તથા અન્ય કોઈ શિષ્યવૃત્તિ મેળવતા ન હોવાનું અને પ્રથમ વર્ષમાં મેળવેલ પરિણામ દર્શાવતું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર અસલમાં વિદ્યાર્થી દ્વારા શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટે રજુ કરવાનું રહેશે. સંસ્થાના લેટર હેડમાં રજુ કરવાનું થતા આ પ્રમાણપત્રનું ફોર્મેટ વેબપોર્ટલ પર ઉપલબ્ધ છે.
7. માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની વિગતો આધાર કાર્ડ સાથે લીંક કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ આધારકાર્ડ નંબર આપવાનો રહેશે.
8. શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટે વિદ્યાર્થીએ નીચેના દસ્તાવેજો જોડવાના રહેશે.
    1. સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
    2. વિદ્યાર્થીના ત્રીજા વર્ષની માર્કશીટની નકલ (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ)
    3. વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમના ચોથા વર્ષમાં ફી ભર્યાની પહોંચ
    4. વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનુ
    5. વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ

- **ઓનલાઈન અરજી સંબંધિત કોઈપણ પ્રકારની મુંઝવણ માટે cmssgujarat@gmail.com પર ઈ-મેલ કરવો.**